બદલાતી મોસમ સાથે લગ્ન પ્રસંગોમાં બદલાવ

અણધાર્યા વરસાદ અને કાળઝાળ ગરમીને કારણે લગ્નનો આખો ટ્રેન્ડ જ ફેરવી નાખ્યો : પાર્ટી પ્લોટ કરતા વધુ બેક્વેટ હોલ બુક થયા

ગાંધી.તા.૧૦

લગ્નસરાની સીઝન હવે પીક પર છે, પોતાનાં પરિવારજનોને કોઈ તકલીફ ન પડે એ માટે યજમાન તમામ વ્યવસ્થા કરતા હોય છે, પછી લગ્નમાં કોઈપણ કસર ન રહે એ માટેની તમામ તકેદારી પણ રાખતા હોય છે. આ વખતે અણધાર્યા વરસાદ અને કાળઝાળ ગરમીને કારણે લગ્નનો આખો ટ્રેન્ડ જ ફેરવી નાખ્યો છે. મે-જૂનમાં લગ્નનાં ૨૯ શુભ મુહૂર્ત છે. હજુ મેમાં લગ્નનાં ૧૦ અને જૂનમાં ૧૧ શુભ મુહૂર્ત બાકી છે, પરંતુ હાલ પાર્ટી પ્લોટને બદલે લોકોમાં કમ્ફર્ટ એસીવાળા બેક્વેટ હોલની ભારે ડિમાન્ડ છે, આથી બેક્વેટ હોલ હાઉસફુલ છે તો પાર્ટી પ્લોટ ખાલીખમ જોવા મળી રહ્યા છે.મોટા ભાગનાં લગ્ન માટે બેક્વેટ હોલ એર કન્ડિશન જગ્યાએ જ કરવાનું પરિવારોએ નક્કી કર્યું છે. બેક્વેટ હોલ મોટા પાયે બુક થઈ ગયા છે, જ્યારે પાર્ટી પ્લોટનું બુકિંગ માત્ર ૩૦ ટકા જ થયું છે. જ્યારે નાનાં ગામડાંમાં હાલ વેકેશનનો માહોલ હોવાથી વાડીમાં લગ્ન યોજાઈ રહ્યાં છે. શહેરી વિસ્તારમાં થોડો ખર્ચો વધારે થાય, પણ લગ્નમાં કોઈ વિઘ્ન ન આવે એ માટે યજમાન પ્રયાસ કરી રહ્યા છે. મે અને જૂન મહિનામાં કુલ ૨૯ લગ્નનાં મુહૂર્ત છે, જેમાં હવે આવતા મહિનામાં ચાર અને ચાલુ મહિનાનાં ૧૫ મુહૂર્તમાં હજારો લગ્ન યોજાવાનાં છે. મોટે ભાગે

આ વેકેશન દરમિયાન લગ્નનું આયોજન થતું હોય છે. મે અને જૂન મહિનામાં કુલ ૨૯ મુહૂર્ત હોવાથી પરિવારજનો પોતાના દીકરા-દીકરીને લગ્નના તાંતણે બાંધવા માટે તૈયારીઓ કરી છે. સામાન્ય રીતે આ સમયમાં ખૂબ જ ગરમી હોવાના કારણે રિસેપ્શન અને અન્ય પ્રસંગો સાંજના રાખવામાં આવતાં હોય છે, પરંતુ છેલ્લા કેટલાક સમયથી ગમે ત્યારે વરસાદ પડે છે અને તડકાનું પણ એટલું જ પ્રમાણ છે એટલે આ વખતે મોટે ભાગે લોકો એરકન્ડિશન જગ્યાએ લગ્ન કરવાની તૈયારી કરી રહ્યા છે. તા.૨૮મીથી ગુરુ અસ્તમાંથી ઉદય થતાં શુભ માંગલિક કાર્યનો પ્રારંભ શરૂ થઈ ગયો છે.ગત વર્ષ કરતાં ચાલુ મહિનામાં લગ્નનાં વધુ ૫ શુભ મુહૂર્ત છે. વર્ષ ૨૦૨૨માં મે મહિનામાં ફક્ત ૧૧ મુહૂર્ત હતાં, પરંતુ ચાલુ મહિનામાં ૧૬ મુહૂર્ત છે, જ્યારે જૂન મહિનામાં ફક્ત ૪ મુહૂર્ત આવે છે. જૂન મહિનાની ૧ અને ૬ તારીખે શહેરમાં સૌથી વધારે લગ્ન યોજાશે અને સાથે જ સમૂહલગ્નનું પણ આયોજન કરવામાં આવ્યું છે.કોરોનાને કારણે બેક્વેટ હોલમાં બુકિંગ ઘટ્યું હતું. પરંતુ અત્યારે ગરમીના કારણે લગ્નના પરિવાર દ્વારા પાર્ટી પ્લોટ કરતાં હોટલ અને બેક્વેટ વધુ બુક કરાવવામાં આવી રહ્યા છે. બેક્વેટમાં એસી તથા અન્ય સુવિધા મળી રહે છે અને વ્યક્તિદીઠ ભાવ ગણવામાં આવે છે, જેથી લોકો બગાડ પણ ઓછો કરે છે. ઓછી સંખ્યા માં પ્રસંગ કરનારાઓની હોટલ પહેલી

પસંદઃ

અખાત્રીજથી જ લગ્નસરાની સીઝન શરૂ થતાંની સાથે જ લગ્નો સહિત શુભપ્રસંગો માટેના કાર્યક્રમ માટે હોટલ બુક કરાવી રહ્યા છે. હોટલોમાં પાર્ટી પ્લોટો કરતાં ઓછા ખર્ચમાં પ્રસંગો પૂરા થતા હોવાથી લોકો હોટલો તરફ વળ્યા હોય એવું લાગી રહ્યું છે. ઓછા માણસો સાથે પ્રસંગ કરનારા હોટલ વધુ પસંદ કરી રહ્યા છે. ગત વર્ષ કરતાં આ વખતે મે માહિનામાં હોટલોમાં સારો ધસારો છે.

હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

હજુ હું બેઠો છુ ત્યાં સુધી થોડુ મને પણ પુછ... બધુ ગુગલને જ પૂછીશ....???

ચિલોડા પંથકમાં બાજરી-જુવારની કાપણી અને લણણીનું કામ પૂરજોશમાં

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લાના પૂર્વ વિસ્તારમાં ચિલોડા, ઈસનપુર, મગોડી તથા અન્ય ગામોમાં ઉનાળુ જાયદ બાજરી અને જુવારનો અણમોલ પાકથી ખેતરો લહેરાતા પાક છેલ્લા બે થી ત્રણ માસથી કમોસમી વરસાદના વરતારાથી ખેડૂતોના હૈયે માવઠાથી નુકસાનની ભીતિથી ચિંતાતુર અને નિરાશાજનક સ્થિતિની અવઢવમાં મુકાયો છે. છાશવારે અમુક તારીકે વરસાદ-વાવાઝોડા, પવનોની આગાહી વચ્ચે તૈયાર પાકની કાપણી-લણણીનો સમય આવી ગયો છે. પણ કમોસમી વરસાદની સંભવિત આગાહી પર મદાર આકાશમાં મીટ માંડી કાળઝાળ ગરમીના દિવસોમાં કામકાજ હાથ ધરવામાં વિલંબ થઈ રહ્યો છે. હવે ક્યારે કુદરતી મેઘરાજા કે કમોસમી વરસાદ વિરામ લેશે તેવી ગણતરીઓ માંડી કામે લાગી ગયા છે. જ્યારે બીજી બાજુ વૈશાખી લગ્ન સિઝન પૂરબહાર ખીલી ઉઠી છે.

પગરવ હોસ્પિટલ સામે શોંપીગ સેન્ટર પાસેથી બે સટ્ટોડીયા ઝડપાયા

ગાંધીનગર,તા.૧૦

શહેરની પગરવ હોસ્પિટલ સામે શોંપીગ સેન્ટર નજીક ખુલ્લી જગ્યામાં ઓનલાઈન ક્રિકેટ સટ્ટાની આઈડી રાખી હાલમાં ચાલી રહેલી આઈપીએલની મેચ પર હારજીતનો સટ્ટો રમતા બે સટ્ટોડીયાઓને દબોચી લીધા હતા.જયારે એક શખ્સને વોન્ટેડ જાહેર કર્યો છે.

જયારે પોલીસે સટ્ટોડીયા પાસેથી રૂ.૫૯૫૦ તેમજ મોબાઈલ ફોન નંગ-૨ કિં.૩૫ હજાર મળી કુલ રૂ.૪૦,૯૫૦ નો મુદ્રામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સેકટર-૨૧ પોલીસ મથકના જવાનો પેટ્રોલીંગમાં હતા તે સમયે તેઓને બાતમી મળી હતી કે પગરવ હોસ્પિટલની સામે શોંપીગ સેન્ટરની નજીક ખુલ્લી જગ્યામાં મોબાઈલ ફોનમાં આઈડી ઉપર ચાલી રહેલી આઈ-૨૦ આઈપીએલ મેચ પર ક્રિકેટ સટ્ટા બેટીંગની હારજીતનો જુગાર રમાડે છે.

જેથી પોલીસે બાતમી વાળી જગ્યા પરથી વસીમ ગુલામમોહમંદ મનસુરી (ઉં.૩૩, સેકટર-૫ મકાન નં.૧૫૦૮-૧ ગાંધીનગર), વિનાયક હેમેન્દ્ર દવે(રહે સેકટર-૩૦ નં-૧૭૪) હોવાનું જણાવ્યું હતું.જયારે આઈડી કોની પાસેથી મેળવી હોવાનું પુછતા સંદિપ લાકરોડા પાસેથી લીધી હોવાનું જણાવ્યું હતું. પોલીસે બંન્ને શખ્સો પાસેથી રોકડા રૂ. ૫,૯૫૦ તેમજ બે મોબાઈલ ફોન કિં.૩૫ હજાર મળી કુલ રૂ.૪૦,૯૫૦ નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

કુડાસણ ખાતે પત્નીને જાનથી મારી નાંખવાની ધમકી આપતા ફરીયાદ

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરના કુડાસણ ગામે પાણીની ટાંકી પાસે પતિએ તેની પત્ની સાથે ગાળાગાળી કરી ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપતા મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ઝુંડાલ શગુન ફલેટ ખાતે રિન્કલ વિપુલ ઠાકોર તેની માતા અને ભાઈ સાથે રહે છે.જયારે આજથી ત્રણ વર્ષ પહેલા કુડાસણ રહેતા વિપુલ રમેશ ઠાકોર સાથે સમાજના રીતરિવાજ મુજબ થયા હતા. જયારે લગ્ન જીવન દરમિયાન દોઢ વર્ષનો દિકરો છે.જયારે તેણીને પતિ સાથે રાગમેળ ન આવતા પિયર ખાતે રહે છે. ગત તા.૮ ના રોજ રાત્રીના સમયે રીન્કલ ઠાકોર તેના ભાઈ સાથે કુડાસણ ખાતે તેના પતિને સમજાવવા માટે આવ્યા હતા. પરંતુ વિપુલ ઘરે નહી મળતા તેઓ ઘરેથી નીકળી જઈ રહ્યા હતા.ત્યાં પાણીની ટાંકી પાસે બેઠેલા વિપુલને જોઈ જતા તેની પત્નીએ જઈને કહ્યું કે તારી મિત્ર કયાં છે. જેથી વિપુલ એકદમ ઉશ્કેરાઈ જઈને ગાળાગાળી કરી ગડદાપાટુનો માર માર્યો હતો. તેણીના ભાઈએ વચ્ચે પડી તેની બહેનને વધુ મારમાંથી છોડાવી હતી. જયારે વિપુલ ઠાકોરે હવે જો મને મારી મિત્ર વિશે વાત કરીશ કે મને મળવા આવીશ તો તને જાનથી મારી નાંખીશ તેવી ધમકી આપતા રીન્કલ ઠાકોરે તેના પતિ સામે ફરીયાદ નોંધાવી છે.

રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસ ૨૦૨૩ની ઉજવણીના ભાગરૂપે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. એ. જે. વૈષ્ણવ ની સુચના અનુસંધાને જિલ્લા મેલેરીયા અધિકારી ડૉ વિક્રમ સોલંકી ના માર્ગદર્શન હેઠળ અઠવાડિક કાર્યક્રમ પૈકી તા.૧૦.૦૫.૨૩ ના રોજ ગાંધીનગર જિલ્લામાં મમતા દિવસ આયોજન કરેલ હોય એવા તમામ ગામોમાં મમતા-કેન્દ્ર ખાતે આવનાર લાભાર્થીઓને ડેન્ગ્યુ, મેલેરીયા, ચિકનગુનિયા જેવા મચ્છર ઉત્પતિથી થતા રોગો વિષે માર્ગદર્શન આપવામા આવ્યુ હતું. તેમજ શિબિર આયોજન , પત્રિકા વિતરણ , પોરા નિદર્શન તેમજ પોરાભક્ષક માછલી નિદર્શન જેવા માધ્યમ થકી આ રોગોનો ફેલાવો કેવી રીતે અટકાવી શકાય તે બાબતે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

ખૂણેખાંચરેથી

● ગાંધીનગર શહેરમાં ગરમીનો પ્રકોપ વધતાં પેયજળની માંગમાં વધારો થવા પામ્યો છે.

● ગાંધીનગર મનપાની નવી કચેરીમાં ગ્રાઉન્ડ ફ્લોર પર પીવાના પાણીની કોઈજ વ્યવસ્થા ન હોવાથી મુલાકાતી સહિત સૌને બીજા કે ત્રીજા માળે જવુ પડે છે.

● ગાંધીનગર મનપાની કચેરીમાં આજે ૮૦૦થી વધુ લોકોએ મિલ્કતવેરો એડવાન્સ ભર્યો છે.

● ગાંધીનગર શહેરમાં આજે કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.

● ગાંધીનગરમાં ગરમીને લઈ ચાર દિવસ માટે ગરમીનો ઓરેંજ એલર્ટ આપવામાં આવ્યુ છે.

● દહેગામ શહેરમાં નવા બંધાયેલ હોલનું વડાપ્રધાન મોદી દ્વારા વર્ચ્યુઅલ લોકાર્પણ થનાર હોઈ નગરમાં ખુશીનો માહોલ છવાયેલો છે.

● રાયપુર જયરણછોડ ફાર્મ હાઉસ ખાતે ચાર ધામના યાત્રીઓનુ ગુલાબનું ફૂલ અને કુમકુમ તિલક કરી સ્વાગત કરાયુ હતુ.

● મોટા ચિલોડા અને લિમ્બડિયા ગામે ગૌ આધારિત કૃષિની તાલિમ ખેડૂતોને આપવામાં આવી છે.

● એક તરફ ઊર્જા બચતનું અભિયાન સરકાર પ્રોત્સાહિત કરે છે તો બીજી તરફ દહેગામ નગરપાલિકાની સ્ટ્રીટલાઈટો આખો દિવસ ચાલુ રહે છે.

● બપોરના ધોમધખતા તાપમાં શ્રમજીવી મહિલા બાળક તેની ટ્રાયસિકલથી રોજી માટે જઈ રહ્યા હતા તે જોઈ મેયરે તાત્કાલિક તેમની ગાડીમાંથી છત્રી આપી છાંયો આપવાનું પગલુ ભરી સૌના દિલ જીત્યા છે.

● ગાંધીનગર જિલ્લાના અંબોડ ખાતે મહાકાળી માતાના મંદિરે યોજાયેલ નવચંડી યજ્ઞમાં પૂર્વ શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, પ્રદેશ ભાજપ પ્રવક્તા હિતેન્દ્ર પટેલ સહિતના આગેવાનોએ હાજરી આપી હતી.

● પંચાયત સેવા પસંદગી મંડળે આજે તલાટીની પરીક્ષાની આન્સર કી જારી કરી છે.

● પ્રધાનમંત્રીની ગાંધીનગર યાત્રાને લઈ આયોજનને આખરી ઓપ આપવા અધિકારીઓ સતત દોડતા રહ્યા હતા.

● ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આજે ભાજપના કેટલાંક સભ્યો તેમના પ્રશ્નોને લઈ આવ્યા હતા.

● ગાંધીનગર શહેરના આંતરિક માર્ગો પર લગાવાયેલા સાઈનેજ બોર્ડને તોફાની તત્વો દ્વારા નુકશાન કરાઈ રહ્યુ હોવાથી લોકજીભે ચર્ચાઓ શરૂ થઈ છે.

● ગાંધીનગર જિલ્લામાં આયુર્વેદ અને હોમીયોપેથીની ઓપીડીમાં વધારો જોવા મળ્યો છે.

● ગરમીના પ્રકોપ વચ્ચે કુલરો ઘણી ઓફિસોમાં મંજૂરીના અભાવે ના મુકાતાં કર્મચારીઓમાં ચણભણાટ શરૂ થયો છે.

આરસી ટેકનિકલ ઈન્સ્ટી. ખાતે મહિલા સ્વ-બચાવ અને સલામતી પર તાલીમ સેમિનારનું આયોજન

ગાંધીનગર, તા.૧૦

આરસી ટેક્નિકલ ઈન્સ્ટિટ્યૂટ (ગુજરાત સરકાર), અમદાવાદ ખાતે સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશનના સહયોગથી ઈન્ટરનેશનલ વુશુ ચેમ્પિયન અને માર્શલ આર્ટ એક્સપર્ટ અમનદીપ સિંઘ દ્વારા મહિલા સ્વ-બચાવ અને સલામતી પર તાલીમ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજ ગર્લ્સ અને મહિલા સ્ટાફે ભાગ લીધો હતો. સોલા પોલીસ સ્ટેશન SHE ટીમ ઈન્ચાર્જ પોલીસ સબ ઈન્સ્પેક્ટર કે.આર.પરમાર તેમની ટીમ સાથે હાજર રહ્યા હતા. આ પ્રશિક્ષણ સેમિનારમાં, અમનદીપ સિંઘ અને તેમની ટીમે મહિલાઓને શીખવ્યું કે જ્યારે તેઓ ઘરેલુ હિંસા, જાતીય સતામણી, ઈવ-ટીઝિંગ, અપહરણ, ચેઈન-સ્નેચિંગ બળાત્કાર વગેરે જેવી મુશ્કેલ પરિસ્થિતિઓનો સામનો કરે ત્યારે કેવી રીતે રક્ષણ કરવું.

ગાંધીનગર મેયરે શ્રમજીવી મહિલાને છત્રી આપી

ગાંધી.તા.૧૦

ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર હિતેશ મકવાણા પોતે સરકારી વાહનમાં બપોરે પથિકાશ્રમ જતા હતા, ત્યારે સેક્ટર ૧૧ ખાતે એક શ્રમજીવી મહિલા અને ધોખધખતા તાપમાં ટ્રાયસિકલ પર બેસીને જતા હતા, ત્યારે પસ્તીના ભંગાર ધંધો કરતા અને સાંજે માંડ ૨૦૦ રૂપિયા કમાતા શ્રમજીવી મહિલા ને તાપ માં એ પણ બાળકી સાથે આટલું મોટું જોખમ ખેડતા મેયરની ગાડીમાંથી નજર પડતા પોતે ગાડી પાછી વાળીને રસ્તા પાસે ઉભી રાખીને પૃચ્છા કરી હતી, ત્યારે મેયરે જણાવેલ કે બેન આટલા તાપમાં તમે તાપ

સહન કરી શકો, આ બાળકનું તો વિચારો? આ કુમળી વયનું બાળક તાપના સહન કરી શકે, ત્યારે મેયર હિતેશ મકવાણા એ તુરંત જ ગાડીમાં પત્નીની છત્રી હતી તે આપી દીધી હતી. બાળક જે તાપ સહન કરી રહ્યું હતું તે જોઈને મેયરે છત્રી આપી દીધી,વધુમાં મેયરે જણાવેલ કે, બેન બપોરે બે ત્રણ કલાક છાયડામાં રહો, સરકાર સૂચનાઓ આપે છે, તેનો અમલ કરો, પછી મેયરે પૂછ્યું કે, આ પસ્તી ભંગારમાં કેટલા પૈસા રોજ મળે છે, તો ૨૦૦ મહિલાએ કહેતા, મેયરે એક ૫૦૦ની નોટ આપી હતી. મેયર ની આ માનવીય સેવા બદલ તેમને સૌ કોઈ વખાણી રહ્યા છે.અગાઉ પણ એક રોડ રસ્તા પર ડિલિવરીમાં મહિલાને તકલીફ પડતા પોતે ત્હારે આવ્યા હતા.

તું અમને જોઈતી નથી, તેમ કહી પરિણિતાને દિકરી સાથે કાઢી મુકી

ગાંધીનગર,તા.૧૦

ગાંધીનગરના સેકટર-૩ ન્યું ખાતે રહેતી પરિણિતાને સાસરીયાઓ શારીરીક માનસિક ત્રાસ આપી રૂ.૫ લાખ દહેજ પેટે માંગી મ્હેણા-ટોણા મારતા તેણીએ ઈન્ફોસીટી પોલીસ મથકે પતિ, સાસુ-સસરા, અને જેઠાણી સામે ફરીયાદ નોંધાવી છે.

સુત્રો દ્વારા મળતી વિગત ગાંધીનગર શહેરના સેકટર-૩ ન્યુ ખાતે રહેતી યુવતિના લગ્ન સમાજના રીત-રિવાજ મુજબ વર્ષ ૨૦૧૭માં થયા હતા. લગ્ન જીવન દરમિયાન દિકરીનો જન્મ થયો હતો. લગ્ન બાદ પરિણિતા પતિ સાથે મહેસાણા ખાતે રહેતા હતા. ત્યારબાદ વર્ષ ૨૦૧૭માં પતિ-પત્નિ યુરોપ ગયા હતા.

જયાં તેણીને તેના પતિ સારી રીતે રાખતા હતા. વિદેશમાં વિવિધ સ્થળે રહ્યા બાદ દંપતિ દુબઈ ખાતે રહેતા હતા. જયારે વર્ષ ૨૦૨૦માં કોરોના કપરા સમયમાં દંપતિ ભારત પરત ફર્યું હતું. ત્યારબાદ દંપતિ બેંગ્લોર ખાતે રહેવા માટે ગયા હતા. તે સમયે તેણીના પતિએ જણાવ્યું કે તારા પિતાએ કરીયાવર ઓછુ આપ્યું છે. મારે નવો ધંધો શરુ કરવાનો છે.

જેથી તુ તારા પપ્પા પાસેથી રૂ.૫ લાખ લઈ આવજે. જેથી પરિણિતાએ તેના પિતા પાસેથી રૂ.૫ લાખ લઈ તેના પતિને આપ્યા હતા. ત્યારબાદ પરિણિતાના સાસુને ઓપરેશન કરવાનું હોવાથી તેઓ વતન આવ્યા હતા. એક વર્ષ પહેલા પરિણિતા તેના પતિ સાથે રાયસણ મુકામે રહેતા હતા. તે સમય દરમિયાન પતિ નાની નાની વાતોમાં ઉશ્કેરાઈ જઈ માનસિક ત્રાસ આપતા હતા. છતા યુવતિ તેના પિતાજીની ઈજ્જત ના જાય તે માટે સહન કરી સાથે રહેતી હતી.જયારે સાસુ સસરા અને જેઠાણી ફોન કરી ચઢામણી કરતા પતિએ ત્રાસ આપવાનું ચાલુ કર્યું હતું. ત્યારબાદ તા.૫.૭.૨૨ ના રોજ પરિણિતા સાથે પતિએ ઝઘડો કરી જેમ ફાવે તેમ બોલી ધક્કા મારી પરિણિતાને ઘરની બહાર કાઢી મુકી હતી. ત્યારબાદ પરિણિતા પિયર રહેવા માટે ચાલી ગઈ હતી.જયારે દિવાળીનો તહેવાર હોવાથી પરિણિતા તેની દિકરી સાથે સાસરીમાં જતા સાસુ-સસરા અને જેઠાણીએ તુ અમને જોઈતી નથી, તારે અહીયા આવવાનું નહી, તેમ કહી ઘરમા પ્રવેશ આપ્યો ન હતો અને ઘરમાંથી હાંકી કાઢતા પિયર ગઈ હતી.

જયારે તેણીના પિતાએ કોલ કરતા તમારી દિકરી જોઈતી નથી અને છુટાછેડા આપી દો તેમ કહેતા પરિણિતાએ ચાર સામે ફરીયાદ નોંધાવી છે.

પ્રાકૃતિક ખેતી અંતર્ગત આજરોજ માધવગઢ ગામ મુકામે ખેડૂત તાલીમ યોજવામાં આવી. જેમાં માસ્ટર ટ્રેનર નરેન્દ્ર મંડીર સાહેબ, જયેન્દ્રસિંહ સોલંકી વિસ્તરણ અધિકારી, શૈલેષભાઈ રાઠોડ ગ્રામસેવક, કોદરજી ચૌહાણ સરપંચ શ્રી ,ડે સરપંચ તેમજ ગામના ખેડૂત ભાઈઓ ઉપસ્થિત રહ્યા, જેમાં પ્રાકૃતિક ખેતી બાબતે વિસ્તૃત માહિતી આપવામાં આવી.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ.પટેલ શૈલેષકુમાર રતીલાલ** ઉ.વ.૬૪, ગાંધીનગર
- **સ્વ.રાઠોડ મુળજીભાઈ મોરારભાઈ** ઉ.વ.૬૯, ધણપ
- **સ્વ.ચૌહાણ લશીબેન કચરાજી** ઉ.વ.૭૦, હાલીસા, દહેગામ
- **સ્વ.સોની રાજેશભાઈ ઘનશ્યામભાઈ** ઉ.વ.૫૪, રાંધેજા
- **સ્વ.દંતાણી કિરણભાઈ ગોવિંદભાઈ** ઉ.વ.૩૦, સે-૨૦, છાપરા
- **સ્વ.સલાટ રઘુભાઈ મોહનભાઈ** ઉ.વ.૬૦, પેથાપુર
- **સ્વ.વાઘેલા ગોવિંદસિંહ બળદેવસિંહ** ઉ.વ.૬૬, વાવોલ
- **સ્વ.પટેલ નરેન્દ્રકુમાર રમણલાલ** ઉ.વ.૫૨, ગાંધીનગર

બાપુપુરા ગામના ચોક વચ્ચે જુગાર રમતા ચાર જુગારી ઝડપાયા

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરના દોલારાણા વાસણા-બાપુપુરા ગામે ચોકમાં કુંડાળુ વળી જુગાર રમતા ચાર જુગારીઓને રૂ.૧૨ હજારથી વધુના મુદ્દામાલ સાથે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ચિલોડા પોલીસ મથકે કંટ્રોલ રૂમમાંથી વર્ધી મળી હતી કે દોલારાણા વાસણા ગામના બાપુપુરા ગામના ચોક વચ્ચે જુગાર રમાય છે. જેથી ચિલોડા પોલીસના જવાનો તાત્કાલીક બાપુપુરા ગામે ચોક પાસે જતા કેટલાક શખ્સો કુંડાળુ વળી જુગાર રમી રહ્યા હતા. જેથી પોલીસે કોર્ડન કરી તમામ જુગારીઓને પકડી પાડ્યા હતા. પોલીસે જુગારીઓના નામ પુછતા દોલારાણા ગામના ઠાકોર વાસ ખાત રહેતા ૩૭ વર્ષિય ગણેશ ઉર્ફે ટીટુ પ્રહલાદજી ઠાકોર, પેથાપુર ગામના ઠાકોરવાસ તરપોજ વાસ ખાતે રહેતા ૨૩ વર્ષિય સુરેશ શનાજી ઠાકોર, પેથાપુર ઠાકોરવાસ ખાતે રહેતા ૩૦ વર્ષિય નરેન્દ્રકુમાર શનાજી ઠાકોર, અને ગામના ઠાકોર વાસ ખાતે રહેતા ગણેશ ઉર્ફે ટીટટુ પ્રહલાદજી ઠાકોર હોવાનું સામે આવ્યું હતું. પોલીસે દાવ પરથી અને જુગારીઓની અંગજડતી દરમિયાન રૂ.૧૨,૧૦૦ મુદ્દામાલ કબ્જે કરી તમામ જુગારીઓ સામે જુગારધારા હેઠળ ગુનોન નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧